# પીસ ઓફ માઈન્ડ

ઓક્ટોબર | માસિક ન્યૂઝલેટર | ૨૦૨૫

## ખાસ દિવાળી આવૃત્તિ



### સંસ્થાપક તરફથી

દિવાળીના સ્વાગતની તૈયારી કરતી વખતે, યાદ રાખો કે તે ફક્ત બહારના પ્રકાશનો તહેવાર નથી, પણ અંદરના દીવાને પ્રગટાવવાનું આમંત્રણ પણ છે. જ્યારે હૃદયમાં જાગૃતિની જ્યોત પ્રજ્વલિત થાય છે, ત્યારે અજ્ઞાનતા ઓછી થાય છે અને સત્યનો માર્ગ સ્પષ્ટ થાય છે.

ગયા મહિને, તમારા પ્રેમ અને સમર્થન દ્વારા, ઘણા બાળકોને શિક્ષણની ભેટ મળી. જ્ઞાનનો પ્રકાશ આપવો એ સેવાનું સર્વોચ્ચ સ્વરૂપ છે, કારણ કે તે લાચારીના અંધકારને દૂર કરે છે અને શક્યતાઓના દરવાજા ખોલે છે.

હવે આપણે સત્સંગ, સેવા, સાધના અને સાહિત્યના ચાર પ્રવાહોમાં આપણું કાર્ય વહેંચીએ છીએ, ચાલો આપણે યાદ રાખીએ:

- સત્સંગ આપણને સત્ય અને સમુદાય સાથે જોડે છે.
- સેવા આપણા હૃદયને નમ્ર અને ઉદાર બનાવે છે.
- સાધના આપણને મનને સ્થિર કરવામાં અને આત્માને શુદ્ધ કરવામાં મદદ કરે છે.
- સાહિત્ય બધા માટે શાશ્વત જ્ઞાન આગળ ધપાવે છે.

આ દિવાળી શાંતિનો પ્રકાશ, કરુણાની શક્તિ અને સેવાનો આનંદ જાગૃત કરે.

**આશીર્વાદ સાથે,**

સમણ શ્રુતપ્રજ્ઞજી

સંસ્થાપક
પીસ ઓફ માઇન્ડ ફાઉન્ડેશન

### સંપાદકની કલમે



નવો સંપાદક આપના મેજ પર છે, પણ ધ્યેય એ જ છે — આ ન્યૂઝલેટર તમારા મહિનાનું સૌથી પ્રેરણાદાયક વાંચનની સરળ સામગ્રી બને. આ ન્યૂઝ લેટરને રોજિંદા કામકાજ અને હજારો ટૅબ્સ વચ્ચે, તમારા મનને શાંતિ આપતી નાની ભેટ સમજો. મારું લક્ષ્ય? એવું ઈમેઈલ લિસ્ટ તૈયાર કરવાનું છે, જેની તમે આતુરતાથી રાહ જુઓ — બિલકુલ એમેઝોન પૅકેજની જેમ! અમે રીટર્ન લેતા નથી, પરંતુ તમારો પ્રતિસાદ અમારું સ્ટોર ક્રેડિટ છે — નવા વિચારો અને સૂચનોનું હંમેશાં સ્વાગત છે!

શ્રેયા એમ. દોશી

# અનુક્રમણિકા

## 1. દિવાળી લેખ


દિવાળીની શાશ્વત પ્રાર્થના 3


## 2. સત્સંગ


લંડન - યુ.કે 4

તપોવન: ઘુમલી 4

દ્વારકા: ગુજરાત 5

વાલી મિટિંગ: પુરુષાર્થ સ્કૂલ: ભાણવડ 6

સમણજી ગુરુકુલમ: નવરાત્રિ જાપ અનુષ્ઠાન 6


## 3. સેવા


જીવદયા 6

મકાઈનો નાસ્તો 6

શિષ્યવૃત્તિ કાર્યક્રમ: ભાગ : 1 7

જી. ટી. કન્યા વિદ્યાલય: સેવા 8


## 4. શિક્ષણ


જીવનમાં 4 Q નું મહાત્મ્ય: પુરુષાર્થ સ્કૂલના બાળકો સાથે 9


## 5. સાહિત્ય


નવીન પુસ્તિકા: બ્રહ્માંડ TALKS અને ઘડતરનું અરણ્ય 10


## 6. સમણજીના આગામી કાર્યક્રમ


ઓક્ટોબર મહિનાના સમણજીના કાર્યક્રમો 11

# દીપાવલીની શાશ્વત પ્રાર્થના



### સમણ શ્રુતપ્રજ્ઞજી

પરંપરા માત્ર ઘોંઘાટમાં વિલીન ન થાય—એના અર્થને ફરી પ્રગટાવીએ. દીવડાં ફક્ત ઘરોને નહીં, હૃદયોને પણ પ્રકાશિત કરે—સમજણ, કરુણા અને સંબંધોની ઉષ્મા ફરી પ્રગટે.

અમારા માટે તહેવાર માત્ર આનંદ નથી, એ તો જીવનનો ધબકાર છે, સંસ્કૃતિનો શ્વાસ છે. નવરાત્રિ હોય કે દીપાવલી—દરેક પેઢીએ એમાં ભક્તિ અને અર્થભર્યું જીવન જોવું જોઈએ. હિંદુ પરંપરામાં દીપાવલી એ શ્રીરામના અયોધ્યામાં વિજયોત્સવનો દિવસ છે; જૈન ધર્મમાં એ દિવસે ભગવાન મહાવીરનું નિર્વાણ પ્રાપ્ત થયું—મોક્ષનો પ્રકાશ ફેલાયો; અને બૌદ્ધ પરંપરામાં એ અશોકના હૃદયમાં શાંતિના જાગરણનો દિવસ છે. ત્રણ માર્ગ, એક સંદેશ—અંધકાર દૂર કરો, અંતરનો પ્રકાશ પ્રગટાવો.

પણ આજે આ તહેવારોની ઉજવણીનો અર્થ બદલાઈ ગયો છે. ક્યારેક દીવડાં સાથે હૃદય પણ પ્રગટતા; આજે ઘરોમાં એલઇડી તો ચમકે છે, પણ મનનાં દ્વાર બંધ છે. બાળકોના હાથમાં દીવડા કે કુંકુમ નથી—મોબાઇલ છે. સંદેશાઓ ઝડપથી જાય છે, પણ લાગણી ધીમી પડી છે. આ ખાલીપો આલોચના નહીં, જાગૃતિ માટેનું આમંત્રણ છે.



સાચી દીપાવલી ત્યારે ઉજવાય, જ્યારે આપણે ફરી કહીએ—“ઘરે આવો, મળીએ.” સ્વજનોને મળો, બાળકોને તહેવારનો અર્થ સમજાવો, પોતાના હાથે દીવો પ્રગટાવો, આશીર્વાદ આપો, સંબંધો તાજા કરો. દીપાવલી બાહ્ય ચમક નહીં—અંતરની જ્યોતિ છે. અજ્ઞાનનો અંધકાર દૂર કરવો એ શિક્ષણ છે; દ્વેષને કરુણામાં.ફેરવવી એ અધ્યાત્મ છે; અને સંબંધોને ફરી પ્રગટાવવું એ નવું વર્ષ છે.

જો આજે આપણે મળવા, પ્રકાશ ફેલાવવા અને મૂલ્યો વહેંચવાની શરૂઆત કરીએ — તો દીપાવલી ફરી ખીલે. બહાર પણ પ્રકાશ, અંદર પણ પ્રકાશ. અને એ જ છે દીપાવલીની શાશ્વત પ્રાર્થના— “તમસો મા જ્યોતિર્ગમય — મને અંધકારથી પ્રકાશ તરફ લઈ જા.”

# સત્સંગ

## ૩ - ૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ — લંડન યાત્રા

લંડન — નવનાત વણિક એસોસિયેશનના પ્રમુખ શ્રી જસવંતભાઈ દોશી દ્વારા પ્રીતિ ભોજન દરમિયાન સમણજી માટે વિશેષ પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. સમણજીએ પોતાના પ્રવચનમાં કહ્યું: "**જેનાં અન્ન ભેગા — એનાં મન ભેગા,**" અર્થાત્ જે લોકો સાથે ભોજન કરે છે, તેમના મન પણ એકબીજા સાથે જોડાય છે. સમણજીએ સમજાવ્યું કે સંઘ જમણ (સામૂહિક ભોજન) એકતા અને સૌહાર્દની ભાવનાને પ્રોત્સાહિત આપે છે.



આ સપ્તાહ દરમિયાન સમણજીએ અશ્વિનભાઈ ઘેલાણીના નિવાસસ્થાને એક અંતરંગ સત્સંગ પણ આપ્યો હતો. સમણજીના લંડન પ્રવાસ દરમિયાન આપેલી ઉષ્માભરી મહેમાન નવાજી માટે જયશ્રીબેન અને અશ્વિનભાઈ ઘેલાણી, બ્રિજેટ, રેણુબેન અને ભરતભાઈ મહેતાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવે છે.

## ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ — તપોવન, ઘુમલી



શ્રી ચંદુભાઈ હુમ્બલ અને તેમનો પરિવાર તપોવન, ઘુમલી ખાતે સમણજી સાથેના પ્રેરણાદાયક સત્સંગમાં જોડાયા હતા. તેમનું સ્વાગત શ્રી ભીમસીભાઈ તથા તપોવન વિશ્વ વિદ્યાલયના સભ્યો દ્વારા હર્ષપૂર્વક કરવામાં આવ્યું હતું.

સત્સંગ દરમિયાન વાતચીતનું સ્વરૂપ જલદી જ જીવંત સંવાદમાં રૂપાંતરિત થયું હતું, કારણ કે યુવા સભ્યો તપોવનના ધ્યેય અને દ્રષ્ટિ વિશે વિચારીને પ્રશ્નો પૂછતા હતા.

સમણજી અને ભીમસીભાઈએ ઊંડાણપૂર્વક અને સ્પષ્ટતાપૂર્વક તેમના પ્રશ્નોના જવાબ આપ્યા, જે ઉપસ્થિત સૌના હૃદયને સ્પર્શી ગયા. આ મુલાકાત ખાસ કરીને હુમ્બલ પરિવાર માટે આનંદ, જિજ્ઞાસા અને તપોવનના આધ્યાત્મિક તત્વ વિશે જાણીને વધુ પ્રેરક બની હતી.



## તપોવન વિશ્વ વિદ્યાલય

તપોવન વિશ્વ વિદ્યાલય, જે ૨૦૨૧માં ઘુમલી (જિલ્લો દ્વારકા) ખાતે સ્થાપિત થયું, તે દાન આધારિત અને નિષ્કામ સંસ્થા છે, જે પરંપરાગત ગુરુકુલ અને સ્વ-અભ્યાસની પદ્ધતિ પર આધારિત છે. શ્રી ભીમસીભાઈ કર્મુરના માર્ગદર્શન હેઠળ અને સમણ શ્રુતપ્રજ્ઞજી, પલાણદાદા, માલદેભાઈ તથા અન્ય ટ્રસ્ટીઓના સહયોગથી સંચાલિત આ સંસ્થા બુદ્ધિ અને ચરિત્ર — બન્નેના સર્વાંગી વિકાસ માટે મૂલ્ય આધારિત શૈક્ષણિક પર્યાવરણ પૂરું પાડે છે.

વિદ્યાલયમાં શૈક્ષણિક અભ્યાસ સાથે કલા, ખેલકૂદ અને જીવન કૌશલ્યનો પણ સુમેળ સાધવામાં આવ્યો છે, જે આધુનિક સુવિધાઓથી સમર્થિત છે. અહીં માતા-પિતા પણ શિક્ષણ પ્રક્રિયાના સક્રિય સહભાગી છે અને તેમને નિયમિત તાલીમ આપવામાં આવે છે, જેના કારણે તપોવન વિશ્વ વિદ્યાલય એક સાચી સામુદાયિક અને મૂલ્યકેન્દ્રિત શૈક્ષણિક પહેલ તરીકે સમજમાં ઉભરી આવ્યું છે.



# સત્સંગ

## શૈક્ષણિક કાર્યક્રમ:
દ્વારકાથી ભાણવડ સુધી



શંકરાચાર્ય બી.એડ. કોલેજ, દ્વારકાના વિદ્યાર્થી અને પ્રાધ્યાપકમંડળે તેમના શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમના ભાગરૂપે પુરુષાર્થ સ્કૂલ, ભાણવડની મુલાકાત લીધી. પ્રિન્સિપાલ વિપુલાબેનના નેતૃત્વ હેઠળના આ સમૂહે તપોવન ગુરુકુલની મુલાકાત પણ લીધી, જ્યાં સમણજીએ પ્રેરણાદાયક સંબોધન આપ્યું હતું.

પુરુષાર્થ સ્કૂલ દ્વારા તમામ ૫૦ તાલીમાર્થીઓ અને શિક્ષકમંડળ માટે બપોરના ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના સહયોગ માટે શ્રી નિલેશભાઈ ગાગલિયા (ભાણવડ)નો વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સફળ પ્રવાસથી સૌ ઊર્જાસભર બન્યા હતા.

## ભાણવડમાં ગોચરી અને ગૃહ સત્સંગ: સમણજીનો કલ્યાણ માટેનો સંદેશ

**૧૭–૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૫**









તેમના ભાણવડ પ્રવાસ દરમિયાન સમણ શ્રુતપ્રજ્ઞજી ("સમણજી")નું પુરૂષાર્થ સ્કૂલના વાલીજનો — રીવા એન્જલ અને રાહુલભાઈ ગાગલિયા, આયુષ લક્ષ્મણભાઈ ઝુંડાવદ્રા અને કૌશલ વિપુલભાઈ નિમાવત — દ્વારા ગોચરી અને સત્સંગ માટે હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું.

નિહિત કાનાણીના પરિવારે આયોજિત સત્સંગમાં સમણજીએ જીવન કલ્યાણના મહત્વ પર ભાર મૂક્યો: **"શારીરિક અને માનસિક આરોગ્ય આપણું પ્રથમ પ્રાધાન્ય હોવું જોઈએ. ફિટનેસ માટે સમય અને ઉર્જાનું રોકાણ કરવું જરૂરી છે — આરોગ્ય વિના સફળતા અને સંપત્તિનું કોઈ મૂલ્ય નથી."**

# સત્સંગ

## સંપૂર્ણ બાળકનું શિક્ષણ: મન • હૃદય •ચારિત્ર

પેરન્ટ્સની બેઠકમાં સમણ શ્રુતપ્રજ્ઞજી (“સમણજી”)એ પુરૂષાર્થ સ્કૂલનો ઉદ્દેશ્ય સ્પષ્ટ કરતા કહ્યું કે, શિક્ષણ માત્ર ડિગ્રી માટે નથી, પરંતુ ગૌરવ માટે છે; માત્ર માર્કસ માટે નથી, પરંતુ મનશક્તિ માટે છે; માત્ર બુદ્ધિ વિકાસ માટે નથી, પરંતુ ભાવનાત્મક વિકાસ માટે છે. તેમણે માતાપિતાને હોસ્ટેલ વિશે વિચારવા માટે પ્રેરણા આપી અને જણાવ્યું કે નિવાસી શૈક્ષણિક અનુભવ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, ચારિત્ર અને સર્વાંગીણ વ્યક્તિત્વ વિકસાવવામાં મદદ કરે છે. સમણજીએ સ્કૂલ માટે પોતાનો ઊંડો પ્રેમ દર્શાવ્યો અને વિદ્યાર્થીઓને સમગ્રપણે પોષણ આપતી સ્કૂલની સકારાત્મક અને મૂલ્ય આધારિત વાતાવરણની પ્રશંસા કરી.



## નવરાત્રિ, એક ધ્વનિ: ગુરુકુલમાં જાપ



ફેબ્રુઆરી ૨૦૨૫માં સ્થાપિત થયેલી ઘુમલીના બરડા ડુંગર પર સ્થિત "સમણજી ગુરુકુલમ" માં લગભગ ૨૦૦ દીકરીઓ પ્રવાસ કરી રહી છે.અને તપોવનમાં ૧૮ બાળકો સ્વશિક્ષણ લઈ રહ્યા છે. આ ગુરુકુલમ શૈક્ષણિક અભિગમને મૂલ્ય આધારિત જીવન સાથે જોડે છે. નવરાત્રિ દરમિયાન, સમણ શ્રુતપ્રજ્ઞજી અને ભીમસીભાઈએ ગુરુકુલમાં મંત્ર જાપ અનુષ્ઠાન શરૂ કર્યું. ૧૦૦ થી વધુ દીકરીઓએ બરડાના ડુંગર પર આવેલા આ ગુરુકુળમાં વિદ્યાર્થિનીઓ સાથે રોજના જાપમાં ભાગ લીધો, જેના કારણે કેમ્પસ ભક્તિ, ધ્યાન અને ઊંચી ઉર્જાથી પરિપૂર્ણ થયું.

# સેવા





ગૌશાળા

## જીવદયા

યુકે, માન્ચેસ્ટરના મંગળવારની બહેનોના સત્સંગ ગ્રુપે જીવદયાના સમર્થન માટે INR 11,770 દાન આપ્યું.

આ યોગદાન સીધું જીવદયામાં, જેમાં ગૌશાળા (ગાયના ઘાસચારા) અને પક્ષી સંભાળ પ્રોજેક્ટ્સ શામેલ છે, એમાં ઉપયોગી થશે.

## મકાઈના ડોડાનો સ્વાદ માણતી દીકરીઓ





જેસંગભાઈ ઈડા અને પરિવાર (ઈડા પરિવાર)એ "સમણજી ગુરુકુલ"ની તમામ છોકરીઓ અને તપોવનના વિદ્યાર્થીઓને મકાઈના ભુટ્ટા નાસ્તામાં આપ્યા હતા. ઘુમલી તપોવન અને દીકરીઓ, ઈડા પરિવારના અને માન્ચેસ્ટર સમાજના આ સેતુ અને કાળજીભર્યા સેવા માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

# સેવા

ભાણવડ, ભારત





## સ્કોલરશિપ કાર્યક્રમ (૨૦૨૫–૨૬), ભાગ ૧

વર્ષ ૨૦૧૩ થી પીસ ઓફ માઈન્ડ ફોંઉન્ડેશન દ્વારા શિક્ષણ દ્વારા સેવાનો સંદેશ જીવંત રાખવામાં આવ્યો છે — આર્થિક રીતે પછાત પરંતુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સહાયતા આપવામાં આવે છે, ખાસ કરીને છોકરીઓના શિક્ષણ પર વિશેષ સ્કોલરશીપ આપવામાં આવે છે. પુરુષાર્થ વિદ્યાનિકેતન, ભાણવડમાં ચાલતા "સમણજી ગુરુકુળ" ની દીકરીઓને વિશેષરૂપે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

અમારા અમેરિકાના દાતાઓના ઉદાર સહયોગથી, અમને આનંદ છે કે અમે ૨૦૨૫–૨૬ વર્ષમાં આ પહેલી સ્કોલરશિપ આપી શક્યા છીએ. દરેક વિદ્યાર્થીને મળતી સ્કોલરશિપ — **સરેરાશ રૂ. ૩૦,૦૦૦/-** — **તેમને આર્થિક બોજ વિના શૈક્ષણિક અભ્યાસ ચાલુ રાખવામાં મદદરૂપ બને છે.** આ વખતે પુરુષાર્થ વિદ્યાનિકેતન, ભાણવડ ખાતે પ્રથમ વાર સ્કોલરશિપ વિતરણ સમારંભ યોજાયો હતો. આ પહેલ હવે આગામી મહિનાઓમાં પણ સતત ચાલુ રહેશે. ચાલો, આપણે સૌ સાથે મળીને અનેક નવી સિદ્ધિઓ તરફ આગળ વધીએ!

## સ્કોલરશિપ મેળવનાર દીકરીઓ અને દાતાઓ

- મીનલ જયંત શાહ, શિકાગો
- ભારતીબેન કૌશિકભાઈ પરીખ, મેમ્ફિસ
- ડૉ. ચંપા વેલજી બીડ, ન્યૂ જર્સી
- પિંકીબેન પંકિલભાઈ માટલીયા, ઓસ્ટીન
- બીનાબેન નિલેશભાઈ શાહ, શિકાગો
- દર્શના પરેશભાઈ મલવાણીયા, શિકાગો
- નીલ નિલેશભાઈ શાહ, શિકાગો
- દીપાબેન સંદીપભાઈ દેસાઈ, ઓસ્ટીન
- ડૉ. મેહલ દર્યાણી, માઉન્ટન વ્યૂ, કેલિફોર્નિયા



મિત્તલ શિદા



અજાયા ચાવડા



વિધિ શિંગારકિયા



હેમાંશી મહેતા



પ્રગતિ પીપરોતર



રિદ્ધિ શિંગારકિયા



હેમાંશી મરદાનિયા



શ્રેયા મહેતા



ભૂમિ કાનારા



વિભૂતિ કડવલા



દીપાલી સોલંકી

### હૃદયપૂર્વક આભાર

દરેક દાતાશ્રીનો હૃદયથી આભાર, જેમના સહયોગથી આ યોજના સફળ બની શકી. તમે માત્ર શિક્ષણને આર્થિક ટેકો નથી આપી રહ્યા, પણ આશા, આત્મસન્માન અને ઉજ્જવળ ભવિષ્યનું બીજ પણ વાવી રહ્યા છો.

જે દાતાઓને આ જ્ઞાનયજ્ઞમાં ભાગ લઇ આ યોજનાના બીજા રાઉન્ડમાં દીકરીઓને સ્કોલરશીપ આપવા ઇચ્છતા હોય તેઓ ઇમેઇલ થી સમ્પર્ક કરી શકે છે: *pomyc.org@gmail.com*

# સેવા

**જી.ટી. ગર્લ્સ સ્કૂલ સેવા :** ૪૧૦ વિદ્યાર્થિનીઓ માટે શૈક્ષણિક કિટ્સ અને પ્રેરણાદાયી કાર્યક્રમ






**રાજકોટ** **૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૫**

એક હૃદયસ્પર્શી **સેવા પહેલ** હેઠળ ધોરણ ૯ થી ૧૨ સુધીની **૪૧૦ વિદ્યાર્થિનીઓને** ઉપયોગી સહાય અને સમણજી દ્વારા વિશેષ પ્રેરણા પાથેય આપવામાં આવ્યું. કાર્યક્રમમાં નાસ્તો, નોટબુક, શૈક્ષણિક કિટ્સ અને વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું — જેનાથી દરેક વિદ્યાર્થિનીના ચહેરા પર આનંદ અને કૃતજ્ઞતાની ઝલક જોવા મળી.



### હૃદયપૂર્વક આભાર – અમારા દાતાઓને

**શૈક્ષણિક કિટ્સ અને નાસ્તો:** દર્શના અને પરેશ મલવાણીયા, શિકાગો
**વસ્ત્રો:** કશ્મીરા મહેતા, લંડન, યુ.કે
**નોટબુક અને પ્રેરક પુસ્તકો:** પીસ ઓફ માઇન્ડ ફાઉન્ડેશન, રાજકોટ



### પ્રેરણાદાયી સંદેશ

પરીક્ષાઓની પૂર્વે સમણ શ્રુતપ્રજ્ઞજીએ વિદ્યાર્થિનીઓને સંબોધતા આત્મવિશ્વાસ અને સ્પષ્ટતા સાથે તૈયારી કરવાની પ્રેરણા આપી. તેમના સંદેશથી સમગ્ર માહોલ કૃતજ્ઞતા, ઉત્સાહ અને એકતાની ભાવનાથી છલકાયો. આ સેવા માત્ર મદદરૂપ જ નથી બની, સાથોસાથ દરેક માટે સ્મરણીય અને ઉન્નતિકારક અનુભવ સાબિત થઈ છે.

# શિક્ષા

**૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫** | **ભાણવડ**



## જીવનનાં ૪ ક્યુ – પુરુષાર્થમાં આપેલ સમણ શ્રુતપ્રજ્ઞજીનાં સેમિનારમાંથી

સવારની એસેમ્બલી દરમિયાન સમણ શ્રુતપ્રજ્ઞજીએ "જીવનનાં ૪ ક્યુ" વિશે સમજાવતા કહ્યું કે — સાચો વિકાસ ત્યારે થાય છે જ્યારે મન, હૃદય, વર્તન અને આત્મા ચારેયનો સમતોલ વિકાસ થાય.

૧. I.Q (Intelligence Quotient): બૌદ્ધિક કુશળતા
સ્મરણશક્તિ, જ્ઞાન અને સમજ — પરંતુ વિનમ્રતા સાથે વિકસાવવાની જરૂર છે.
૨. E.Q (Emotional Quotient): ભાવનાત્મક કુશળતા
સહનશીલતા, ધીરજ, પ્રામાણિકતા અને સેવા — જે ગુણો મજબૂત સ્વભાવ અને વ્યક્તિત્વનું નિર્માણ કરે છે.
૩. B.Q (Behavioral Quotient): વ્યવહાર કુશળતા
દૈનિક વર્તન — મીઠું બોલવું, સૌહાર્દ રાખવો, જરૂરિયાતમંદની મદદ કરવી, વડીલોનું માન રાખવું અને નકારાત્મકતાથી દૂર રહેવું.
૪. S.Q (Spiritual Quotient): આધ્યાત્મિક કુશળતા
આધારભૂત સ્તંભ — ધ્યાન, પ્રકૃતિની અવલોકન શક્તિ, આત્મવિકાસના ગ્રંથોનું વાંચન, મૌન અને સર્વજીવો પ્રત્યે કરુણા દ્વારા વિકસે છે.

**આટલું શીખી લેજો:** શિક્ષણ માત્ર માહિતી મેળવવાનું નામ નથી, પરંતુ તે જીવનને પ્રજ્ઞા, કરુણા અને સંતુલન સાથે ઘડવાનું સાધન છે.



### ઝડપી સ્મૃતિ ક્વિઝ

પ્રશ્ન: જીવનનાં ૪ ક્યુ શું છે?

- ____________ Quotient
- ____________ Quotient
- ____________ Quotient
- ____________Quotient

**સૂત્ર (*Tip*):** ૪ ક્યુને સરળતાથી યાદ રાખવા માટે *"SIBE"* નામનું સ્મરણસૂત્ર અપનાવો.

# સાહિત્ય

## નવીન પુસ્તક પ્રકાશન - “બ્રહ્માંડ TALKS”




સમણ શ્રુતપ્રજ્ઞજી દ્વારા તેમની નવી ગુજરાતી પોકેટ પુસ્તિકા **“બ્રહ્માંડ ટોક્સ"** નું પ્રકાશન પુરુષાર્થ વિદ્યાનિકેતન, ભાણવડ ખાતે થયું — **જે "પીસ ઓફ માઈન્ડ ફોંઉન્ડેશન"**નું **૭૬મું પ્રકાશન** છે. આ પુસ્તકમાં **બ્રહ્માંડના સાત નિયમો**ને સરળ અને અસરકારક ભાષામાં રજૂ કરવામાં આવ્યા છે. પુસ્તકને વાંચકો અને **વિદ્યાર્થીઓ તરફથી ઉત્સાહ ભર્યો પ્રતિસાદ** મળ્યો છે, અને પ્રથમ જ દિવસે અનેક લોકોએ આ પુસ્તક ખરીદ્યું હતું. આ પુસ્તકની કિંમત રૂપિયા *99/-* છે. મેળવવા માટે સંપર્ક કરો: *+91 88499 32424* અથવા ઇમેઇલ: *pomyc.org@gmail.com*







## શોધપ્રબંધ: “ઘડતરનું અરણ્ય”




**“ઘડતરનું અરણ્ય”** એ ઘૂમલી સ્થિત તપોવન વિશ્વવિદ્યાલયમાં વિતાવેલ **ચાર ઘડતરનાં વર્ષોનું જીવંત દૈનિક વર્ણન** છે.

લેખક **ખંજન વાઘેલા**એ પોતાના અનુભવોને **ડાયરી જેવી સાદગી અને પારદર્શિતા** સાથે રજૂ કર્યા છે — કે કેવી રીતે **શિસ્તબદ્ધ જીવન,** સ્વાધ્યાય, સેવા અને મૌન એક યુવા મનને ઘડી શકે છે. આ પુસ્તકમાં વ્યક્તિગત અને સંસ્થાત્મક બંને પાસાઓનો સ્પર્શ છે — દૈનિક નિયમિતતા, આશ્રમના અતિથિઓ અને શિક્ષકો, કેમ્પો અને સેમિનારની ઝલક સાથે “મીઠાં અને કડવાં” અનુભવો દ્વારા **સ્પષ્ટતા અને ધીરજના ઘડતર**નું ચિત્ર ઊભું કરે છે.

આ કૃતિ **સ્મૃતિગ્રંથ, ક્ષેત્રનો અભ્યાસ-દસ્તાવેજ,** અને **માર્ગદર્શિકા** રૂપે રચાઈ છે — જે તપોવનમાં અભ્યાસરત હાલના વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ અને ભાવિ વિદ્યાર્થીઓ માટે **દિશાસૂચક** સાબિત થશે.



### લેખક વિશે

ખંજન વાઘેલા, ઘુમલી સ્થિત તપોવન વિશ્વ-વિદ્યાલયમાં ચાર વર્ષ સુધી સ્વ અધ્યયન અને સાધનામાં રોકાયેલા રહ્યા હતા. આ અવધિ દરમિયાન તેમણે પોતાના જીવનનો સ્પષ્ટ ધ્યેય નક્કી કર્યો અને ભાવિ વિદ્યાર્થીઓ માટે પોતાના અનુભવનું લિખિત દસ્તાવેજીકરણ કરવાનો વિશ્વાસ પ્રાપ્ત કર્યો. સુચિંતિત આયોજન અને પ્રામાણિક આત્મમંથન દ્વારા તેમણે તે વર્ષોને ‘ઘડતરનું અરણ્ય’ સ્વરૂપે ઢાળ્યા — જે તપોવનના તત્ત્વ અને જીવનમૂલ્યોની અનોખી આંતરદૃષ્ટિ આપે છે. તેમની રચનાઓમાં પ્રામાણિકતા, ગહન અવલોકન, અને આદર્શોને જીવનમાં ઉતારવાની પ્રતિબદ્ધતા સ્પષ્ટ દેખાય છે.

# સમણ શ્રુતપ્રજ્ઞજીનો આગામી કાર્યક્રમ



| મહિનો | તારીખ | શહેર |
|---|---|---|
| ઓક્ટોબર | 8 - 10 | રાજકોટ: ગુજરાત |
| ઓક્ટોબર | 11 - 12 | ભુજ કચ્છ |
| ઓક્ટોબર | 13 - 20 | રાજકોટ |
| ઓક્ટોબર | 21 - 25 | ભાણવડ |
| ઓક્ટોબર | 26 - 31 | સંબોધિ, રાજસ્થાન |

નોંધ: આ સમણજીનો સંભાવિત કાર્યક્રમ છે. અનિવાર્યતા પ્રમાણે થોડો બદલાવ સંભવ છે. ફોન કે ઇમેઇલથી એમનો કાર્યક્રમ જાણી લેવો.